દાખલ તારીખ : ૩૦/૦૩/૨૦૨૬
રજીસ્ટર તારીખ : ૩૦/૦૩/૨૦૨૬
ફેંસલ તારીખ : ૧૭/૦૬/૨૦૨૬
સમય અવધિ : વર્ષ : માસ : દિવસ:
: ૦૦ : ૦૨ : ૧૮ :

**ભાવનગર જીલ્લાના ચોથા એડી. સેશન્સ જજ સાહેબની અદાલત સમક્ષ,**
**મું. ભાવનગર**

**ફોજદારી રીવીઝન અરજી નં.૪૪/૨૦૨૬**

**આંક – 05**

**વાઘેલા સુમીતભાઈ કાવાભાઈ ઉર્ફે કવાભાઈ,**
ઉ.વ.૩૭, ધંધો–વેપાર,
રહે. પ્લોટ નં.૨૪૦, બેંક કોલોની, ખેડુતવાસ,
મેલડી માતાની ધાર પાછળ, શાકમાર્કેટ,
જી.ભાવનગર. .............અરજદાર.

વિરુધ્ધ.

**શ્રી સરકાર** ............સામાવાળા.

**બાબત: ક્રિ.પ્રો.કો.કલમ–૩૯૭ અન્વયે રીવીઝન અરજી.**

---

અરજદાર તરફે વિ.વ.શ્રી બી.ટી.મકવાણા.
સામાવાળા સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી સી.એમ.પરમાર.

---

**–: ચુકા દો :–**

(૧) અરજદારે ગંગાજળીયા પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૧૯૮૦૧૧૨૬૦૧૪૬/૨૦૨૬ થી પ્રોહી એકટની કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨) મુજબના નોંધાયેલ ગુન્હાના કામે મુદામાલ વિવો કંપનીનો મોબાઈલ V-25 PRO 2GB, 256GB જે તપાસ કરનાર અમલદારે પોલીસ તપાસના કામે કબજે લીધેલ છે તે મુદામાલ મોબાઈલ પરત મેળવવા ભાવનગરના મે.પાંચમાં એડી. જયુડી.

મેજી. ફર્સ્ટ કલાસશ્રીની કોર્ટમાં અરજી દાખલ કરેલ. જે અરજી તા.૦૩/૦૩/૨૦૨૬ ના રોજ નામંજુર કરવામાં આવતા તે હુકમથી નારાજ થઈ હાલની આ રીવીઝન અરજી કરેલ છે.

(૨) અરજદારના વિ.વ.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે, સદર મોબાઈલની માલીકી અરજદારની છે, સદર મોબાઈલ લાંબા સમય સુધી પોલીસ સ્ટેશનમાં બીન વપરાશ પડી રહે તો તે ફરી ઉપયોગમાં લઈ શકાય નહીં તેવી સ્થિતિ થઈ જાય અને અરજદારને આર્થિક નુકશાન થાય તેમ છે. મુદ્દામાલ મોબાઈલ અરજદારના રોજબરોજના વપરાશનું સાધન છે. કોર્ટ જે કાંઈ શરતો ફરમાવશે તેનું પાલન કરવા અરજદાર તૈયાર છે. આ તમામ હકીકતો ધ્યાને ન લઈને નીચેની અદાલતે કરેલ હુકમમાં ગંભીર ભુલ કરેલ છે. જેથી અરજદારની રીવીઝન અરજી મંજુર કરી મુદામાલ મોબાઈલ વચગાળાની કસ્ટડીમાં પરત આપવા અરજ કરેલ છે.

(૩) જયારે સામે પક્ષે સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી હાજર રહેલા છે અને તેઓએ રજુઆત કરતા જણાવેલ છે કે, નામ. નીચેની અદાલતનો હુકમ યોગ્ય અને વાજબી છે. જો અરજદારને મુદામાલ મોબાઈલ પરત આપવામાં આવે તો ફરી મુદ્દામાલ મોબાઈલ ગુનાહિત કૃત્યમાં ઉપયોગમાં લેવામાં આવે તેવી સંભાવના રહેલી છે. આ સંજોગોમાં નીચેની કોર્ટના હુકમમાં કોઈ કાયદા કે હકીકતની ભુલ ન હોય, નીચેની અદાલતનો હુકમ કાયમ રાખી, અરજદારની મુદામાલ પરત મેળવવાની રીવીઝન અરજી રદ કરવા રજુઆત કરેલ છે.

(૪) આ કામે બંને પક્ષના વિ.વ.શ્રીઓની રજુઆત સાંભળી, તપાસ કરનાર અમલદારનો અભીપ્રાય વંચાણે લીધો. અરજદારે રજુ કરેલ મુદ્દામાલ મોબાઈલની માલીકી અંગે બીલની નકલ રજુ કરેલ છે. જે ધ્યાને લેતાં અરજદાર મુદામાલ મોબાઈલના માલીક હોવાનું પ્રથમદર્શનીય જણાય આવે છે.

મુદ્દામાલ મોબાઈલ રોજબરોજનું ઉપયોગી સાધન છે. વધુમાં, મુદામાલ મોબાઈલ લાંબા સમય સુધી પોલીસ સ્ટેશનમાં પડયો રહે તો તે ખરાબ થઈ જવાની શકયતા રહેલ છે. તેમજ આ મુદામાલ અંગે અન્ય કોઈ ત્રાહીત વ્યકિતએ કલેઈમ કરેલ નથી. તેમજ આ કામે પોલીસ અભિપ્રાય તથા એ.પી.પી.શ્રીની રજુઆત મુજબ મુદ્દામાલની તપાસના કામે કે ટ્રાયલ દરમ્યાન જરુરીયાત હોવાનું જણાવેલ નથી. તેમજ ટ્રાયલ સમયે મુદ્દામાલ મોબાઈલની જરુરીયાત ઉપસ્થિત થાય તેવા પ્રકારનો મુદ્દામાલ નથી અને જરુરીયાત ઉપસ્થિત થાય ત્યારે રજુ કરવાની શરત લાદી તેવી સંભાવના ઉપર અંકુશ લાવી શકાય તેમ છે. વધુમાં, ૨૦૦૩(૧) જી.એલ.એચ.૩૦૭ ઉપરના સુંદરલાલ આંબાલાલ દેસાઈ વિ.સ્ટેટ ઓફ ગુજરાતના કેસમાં નામ. સુપ્રીમકોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા મુદામાલ તેના યોગ્ય હકકદારને પરત કરવો જોઈએ. વધુમાં, હાલની પરિસ્થિતી અને કોર્ટોમાં કેસોનું ભારણ જોતાં, કેસ નજીકના ભવિષ્યમાં ફેંસલ થાય તેવી કોઈ શકયતા અત્રેની કોર્ટને હાલના તબકકે જણાતી નથી. આ તમામ સંજોગો ધ્યાને લેતાં ટ્રાયલ કોર્ટ ધ્વારા કરવામાં આવેલ હુકમ રદબાતલ કરવા પાત્ર થાય છે અને જો આ કામે ટ્રાયલ કોર્ટના હુકમમાં હસ્તક્ષેપ કરવામાં ન આવે તો નામ. સુપ્રિમ કોર્ટે ૨૦૦૩(૧) જી.એલ.એચ. ૩૦૭ ઉપરના સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં ઠરાવ્યા મુજબ સી.આર.પી.સી. કલમ ૪૫૧ નો મુળ હેતુ માર્યો જાય તેમ છે. તેથી આ કોર્ટના મંતવ્ય મુજબ નીચેની અદાલત ધ્વારા કરવામાં આવેલ હુકમમાં હસ્તક્ષેપ કરવો યોગ્ય અને ન્યાયોચિત જણાતુ હોય, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-: હુકમ :-</u>**

(૧) અરજદારની હાલની રીવીઝન અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) ભાવનગરના વિ.પાંચમાં એડી. જયુડી. મેજી. ફર્સ્ટ

કલાસશ્રીએ તા.૦૩/૦૩/૨૦૨૬ ના રોજ ગંગાજળીયા પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૧૧૨૬૦૧૪૬/૨૦૨૬ થી પ્રોહી એકટની કલમ– ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨) ના કામે અરજદારની મુદ્દામાલ પરત મેળવવાની અરજી લગત કરેલ હુકમ આથી રદ્દ કરવામાં આવે છે અને ગંગાજળીયા પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૧૧૨૬૦૧૪૬/૨૦૨૬ થી પ્રોહી એકટની કલમ– ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨) મુજબના નોંધાયેલ ગુનાના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબનો મુદ્દામાલ વિવો કંપનીનો મોબાઈલ V-25 PRO 2GB, 256GB આ કામના અરજદાર વાઘેલા સુમીતભાઈ કાવાભાઈ ઉર્ફે કવાભાઈ, રહે. પ્લોટ નં.૨૪૦, બેંક કોલોની, ખેડુતવાસ, મેલડી માતાની ધાર પાછળ, શાકમાર્કેટ, જી.ભાવનગરવાળાને નીચેની શરતોને આધિન વચગાળાની કસ્ટડી તરીકે કેસના આખરી નિકાલ થતા સુધી પરત સોંપવાનો હુકમ કરવામા આવે છે.

<u>શરતો:–</u>

(૧) આ કામના અરજદારે મુદ્દામાલ મોબાઈલની મુદ્દામાલ પાવતીમાં જણાવેલ કિંમતના દોઢી રકમના સધ્ધર જાત જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા ટ્રાયલ કોર્ટ સમક્ષ રજુ કરવા.

(૨) અરજદારે મુદ્દામાલ મોબાઈલના ચારેય એન્ગલથી ફોટોગ્રાફ પડાવી ટ્રાયલ કોર્ટ સમક્ષ રજુ કરવા.

(૩) અરજદારે સદરહું મુદ્દમાલ મોબાઈલ ફોન તથા તેના સીમકાર્ડ તથા ડેટા સાથે કોઈ ચેડા કરવા નહીં.

(૪) અરજદારે સદરહું મુદ્દામાલ કેસના આખરી નિકાલ થતા સુધી કોઈને વેચાણ, ગીરો, ટ્રાન્સ્ફર કે કોઈ રીતે હસ્તાંતર કરવો નહીં કે તેની મુળ સ્થિતીમાં કોઈ ફેરફાર કરવો નહીં.

(૫) અરજદારે સદરહું મુદ્દામાલની જરુર પડયેથી ટ્રાયલ કોર્ટ અથવા તપાસ કરનાર અમલદાર મંગાવે ત્યારે રજુ કરવાનો રહેશે.

(૬) અરજદારે સદરહું મુદ્દામાલ ફરીથી આવા પ્રકારના કે અન્ય કોઈ પણ પ્રકારના ગુનામાં સંડોવાય નહીં તેની ખાસ તકેદારી રાખવી અને જો ગુનામાં પકડાશે તો આ હુકમ કોઈ પણ જાતના વધુ હુકમ સિવાય તુરંત રદબાતલ ઠરશે.

(૩) આ હુકમની યાદી ટ્રાયલ કોર્ટને કરવી.

હુકમ આજરોજ તા.૧૭'મી, માહે : જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ભાવનગર.
તા.૧૭/૦૬/૨૦૨૬

(હેતલ સુરેશચંદ્ર દવે)
ફોર્થ એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ,
ભાવનગર.
UI CODE NO.GJ00693

Bhavik